**<u>મહેરબાન જાફરાબાદના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.જાફરાબાદ</u>**

ફોજદારી કેસ નં.૧૨/૨૦૨૬
આંક–૦૬

---

**ગુનો :– ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ–૬૬(૧)(બી) મુજબ...**

---

**–:: ઠ રા વ ::–**

(૧) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ ગુનો કબુલ કરેલાનું જણાવે છે. વધુમાં આરોપી ધ્વારા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે, અમો ગરીબ ઘરના ઈસમ છીએ, છુટક મજુરી કામ કરીએ છીએ અને આવી મજુરી પણ કાયમી મળતી નથી. અમારી આર્થિક પરિસ્થિતિ સારી નથી, જેથી ઉપરોકત તમામ હકિકતો ઘ્યાને લઈ અમારો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછી સજા અને દંડ કરવાનો યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) ઉપરોકત રેકર્ડ ઉપરની તમામ હકિકતો સાથે આરોપીની કબુલાત પુરસીસ ઘ્યાને લેતા જયારે આ કામના આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વૈચ્છીક કબુલાત કરતો હોય, તેઓની સામેનો આ પ્રથમ ગુન્હો હોય ત્યારે રેકર્ડ પરની તમામ હકીકતો તથા પરીસ્થિતિઓને ઘ્યાનેલેતા તેમજ આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો **ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર,જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિઘ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ઘ્યાને લઈ આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને એક માત્ર કમાનાર વ્યકિત હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ કાયદા દવારા નકકી કરવામાં આવેલ કરતા ઓછામાં ઓછી સજા કરીને ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં દોષીત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ– ૨૦૧૭ ની કલમ–**૬૬(૧)(બી)** મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/– (એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૧૪ મી,** માહે, **માર્ચ,** સને **–૨૦૨૬** ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૪/૦૩/૨૦૨૬**
**જાફરાબાદ**

**(પી.એમ.કામદાર)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, જાફરાબાદ**
**કોડ નં. GJ01697**

રૂા.૧૦૦/– દંડ પાવતી નં. થી જમા લીધા.
તા.૧૪/૦૩/૨૦૨૬

નાઝીર
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ કોર્ટ,
જાફરાબાદ